ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૩૦/૧૮–૧૯/ 3808

તારીખ: 27 AUG 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી દલવાડી કેશુભાઈ ભીખાભાઈ,
ગામઃ ભુગુપુર, તા.ચુડા,
જી.સુરેન્દ્રનગર.
મો.૯૭૧૪૨૧૧૪૦૦.

**કેસ નં.: ૩૦/૧૮–૧૯**

**વિષયઃ ખેતીવાડી કનેકશનના પૈસા ભર્યા હોવા છતાં કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ**: (૧) આપનો પત્ર તા.૦૮–૦૫–૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૧૮–૧૯/૨૧૩૮ તા.૧૪/૦૫/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૧૮–૧૯/૩૪૫૩ તા.૩૦/૦૭/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૦/૦૮/૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચુડા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૩૦/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી દલવાડી કેશુભાઈ ભીખાભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૧૦/૦૮/૨૦૧૮** ◈

હાજર રહયા :– શ્રી ડાભી નારણભાઈ કેશુભાઈ (વાદીશ્રી ના પુત્ર)

પ્રતિવાદી :– શ્રી ખાંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી દલવાડી કેશુભાઈ ભીખાભાઈ, ગામ: ભુગુપુર, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર ની ખેતીવાડી કનેકશનના પૈસા ભર્યા હોવા છતાં કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૦ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૩૦/ ૧૮–૧૯/ ૨૧૩૮ તા.૧૪/૦૫/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૯/૦૬/૨૦૧૮ તા.૨૩/૦૭/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ જેમાં વાદી હાજર રહેલ નહિ. તા.૧૦/૦૮/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી દલવાડી કેશુભાઈ ભીખાભાઈ વતી તેમના પુત્ર શ્રી ડાભી નારણભાઈ કેશુભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી ખાંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:**– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ મેં ચુડા ગામની સ્થાનિક ઓફિસમાં મારી માંગણી એટલે કે સને ૨૦૧૧ માં વીજ કનેક્શન મેળવવા માંગણી કરતા મને અંદાજપત્રક તા-૦૬.૦૭.૨૦૧૭ ના રોજ એમ.આર ન- ૨૨૭૪૩૩,૨૨૭૪૩૪, ૨૨૭૪૩૫ થી રૂ.૬૫૦૦/- તથા રૂ.૮૩૫ તથા રૂ.૧૦૦/- રકમ ભરેલ છે.

૧.૨ પરંતુ મારું જોડાણ ચાલુ કરવામાં આવેલ નથી.

૧.૩ મને કોઈપણ જાતની જાણ કરેલ નથી કે કોઈપણ જાતનો પત્ર આપેલ નથી. તો મને સત્વરે ખેતીવાડી હેતુ માટેનું વીજ કનેક્શન મળવા હુકમ કરવા વિનંતી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૪ ૭ દિવસમાં મને જોડાણ મળે તેવી વ્યવસ્થા કરવા વિનંતી. મારું ગુજરાન ખેતીવાડી કરીને જ ચાલે છે. ખેતીવાડી સિવાય મારે કોઈપણ જાતની આવક નથી. હું પાયમાલ થઇ ગયેલ હોય મને સત્વરે વીજ કનેક્શન આપવા યોગ્ય કરવા હુકમ કરવા વિનંતી.

☞ **પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,**

૨.૧ વાદી શ્રી ધ્વારા અંદાજપત્રક ની રકમ રૂ.૭૪૩૫/- એમ.આર ન- ૨૨૭૪૩૩,૨૨૭૪૩૪, ૨૨૭૪૩૫ થી ભરેલ છે.

૨.૨ અંદાજપત્રક ભર્યા બાદ નવા વીજ જોડાણ માટેની કામગીરી જે તે સમયે ખેતરમાં પાક ઉભો હોવાથી કામ થઇ શકેલ નહિ. વાદી ધ્વારા અત્રેની ચુડા પેટા વિભાગીય કચેરી ખાતે મૌખિક રજૂઆત કરતા તેમના નવા ખેતીવાડી વીજ જોડાણની કામગીરી માટે ઠેકેદાર જતા આજુબાજુના ખેડૂતો ધ્વારા વિરોધ કરવામાં આવેલ. જેથી સદર કામગીરી કરવામાં વિલંબ થયેલ.

૨.૩ ત્યારબાદ ફરીથી આ કામગીરી માટે તા-૧૯.૦૪.૨૦૧૮ ના રોજ ઠેકેદાર શ્રી જે.એલ.ચાવડા સાથે સ્થળ પર ગયેલ પરંતુ આજુબાજુના ખેડૂતો ધ્વારા ફરીથી વિરોધ થતા કામગીરી થઇ સકેલ નહિ. જેથી સ્થળ રોજકામ કરવાની ફરજ પડેલ. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૪ સદર કામગીરીના અનુસંધાને વાદી શ્રી ને સંમતી માટેનો પત્ર ચુડા પે.વી.ક ધ્વારા જણાવવામાં આવેલ છે કે સ્થળ પરના આજુબાજુના ખેડૂતો વાંધો લે છે જેઓની સંમતી લઇ રજુ કરવા જેથી આગળની કાર્યવાહી થઇ સકે. પરંતુ વાડી ધ્વારા આજદિન સુધી કોઈપણ સંમતી રજુ કરવામાં આવેલ નથી. ત્યાર બાદ ચુડા પે.વી.ક ના નાયબ ઈજનેર તથા જુનિયર ઈજનેર તા-૧૨.૦૬.૨૦૧૮ ના રોજ વાદી એ માંગેલ વીજ જોડાણ વાળા સ્થળ પર જઈ વાંધા લેનાર આજુબાજુના ખેડૂતોને સમજાવેલ પરંતુ ખેડૂતો ધ્વારા વ્યાપક પ્રમાણમાં વિરોધ થતા તે દિવસે પણ કોઈ કામગીરી થઇ સકેલ નહિ. જેથી રોજ કામ કરવાની ફરજ પડેલ. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૫ સદર કામગીરી કરવા સામે વિરોધ કરનાર ખેડૂતો ધ્વારા તા-૧૩.૦૬.૨૦૧૮ ના રોજ ચુડા કચેરીએ વાંધા અરજી આપેલ છે. જે સદર કામગીરીમાં ખેડૂતોનો વ્યાપક પ્રમાણમાં વિરોધ જણાય છે.

૨.૬ આમ, વાદીશ્રી ની રજૂઆતનું નિરાકરણ ન આવતા જીલ્લા મેજીસ્ટ્રેટ સુરેન્દ્રનગર ખાતે પત્ર ન- ડીઈ/સીએસડી/૬૪૮૫ તા- 30.0૪.૨૦૧૮ થી મોકલી આપવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. જીલ્લા મેજીસ્ટ્રેટ સુરેન્દ્રનગર ધ્વારા સદર કેસ સબ ડીવીઝન મેજીસ્ટ્રેટની કચેરી લીંબડી ખાતે ટ્રાન્સફર કરેલ છે તથા સબ ડીવીઝન મેજીસ્ટ્રેટની કચેરી લીંબડી ધ્વારા પત્ર ન- મજસ/વિજધારા નોટીસ/ વશી.૮૨૫ / ૨૦૧૮ તા-૨૦.૦૭.૨૦૧૮ થી સામાવાળા( વિરોધ કરનાર) ને નોટીસ બજાવવામાં આવેલ. જેની મુદતમાં તા-30.0૭.૨૦૧૮ ના રોજ ૧૧:00 કલાકે નાયબ કલેક્ટર કચેરી, લીંબડી ખાતે હાજર રહેવા જણાવેલ. જેની નોટીસ આ સાથે સામેલ રાખેલ છે.
વધુમાં જણાવવાનું કે ચુડા પેટા વિભાગીય કચેરી ના શ્રી વી.એન.ચુડાસમા, જુ.ઈ હાજર રહેલ પરંતુ તે દિવસે અરજદારશ્રી તથા સામાવાળા ( વિરોધ કરનાર ) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી તે હાજર રહેલ નહિ. જેથી બીજી મુદત તા-૧૩.૦૮.૨૦૧૮ ના રોજ રાખવામાં આવેલ છે.જે આપ સાહેબશ્રી ની જાણ સારૂં.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી દલવાડી કેશુભાઈ ભીખાભાઈએ તેઓનાં ખેતીવાડીનાં નવા વિજ જોડાણ ન મળવા અંગે ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ **મુળ અરજદાર દલવાડી કેશુભાઈ ભીખાભાઈનું અવસાન થતા તેઓના પુત્ર નારણ કેશુભાઈ ફોરમ સમક્ષ હાજર છે અને ફોરમને રજુઆત કરેલ છે.**

૩.૩ **વાદીએ** ભુગુપુર ગામમાં નવા ખેતીવાડી વીજ જોડાણ માટે પ્રતિવાદીની કચેરીમાં રૂા.૭,૪૩૫/– નું અંદાજપત્ર તા.૬–૭–૧૭ ના રોજ ભરપાઈ કરેલ જે માટે પ્રતિવાદી એ લાઈન કામ પુર્ણ કરેલ છે, પરંતુ વાદીનું વીજ જોડાણ ચાલુ કરી આપેલ નથી.

૩.૪ વાદીનાં વીજ જોડાણ માટે ઉભી કરેલ લાઈનનો જંપર આપવા માટે વાદીની આજુબાજુની વાદીના ખેડુતો એ વાંધો લેતા પ્રતિવાદીએ વાદીનું વીજ જોડાણ ચાલુ કરી શકયા નથી.

૩.૫ પ્રતિવાદીએ તા.૩૦–૦૪–૧૮ ના રોજ જિલ્લા મેજી.સુરેન્દ્રનગર ને નિરાકરણ લાવવા માટે પત્ર લખેલ, હાલ આ કેસ લીબડી સબ ડીવી.મેજીસ્ટ્રેટ સમક્ષ સુનાવણી માટે પડતર છે. જેની મુદત તા.૩૦–૭–૧૮ ના રોજ હતી. પરંતુ વાદી એ વાંધો લેનાર ખેડુતો હાજર ન રહેવાથી સબ ડીવી.મેજીસ્ટેટ એ સદર કેસની તા.૧૩–૦૮–૧૮ નાં રોજ સુનાવણી આપેલ છે.

૩.૬ તારણ નં.૩.૫ મુજબ વાદીનાં કનેકશનનાં લાઈન કામ માટેના કેસની સુનાવણી હાલ સબ ડીવી.મેજીસ્ટ્રેટ સમક્ષ હોઈ, નોટીફીકેશન નં.૨/૧૧ નાં કલોઝ નં.૨.૩૦(૧) મુજબ ફોરમ આ અંગે કોઈ હુકમ આપતુ નથી.

<u>–:: હુકમ ::–</u>

- **"વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં.૩.૬ મુજબ વાદીની અરજી રદ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એચ. માવાણી)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :–૧૦/૦૮/૨૦૧૮

Consumer Grievance Redressal Forum ✲ P.G.V.C.L. Bhavnagar